Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## :: પરિપત્ર ::

યુનિવર્સિટી સંલગ્ન તમામ અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના સંચાલક મંડળ/ ટ્રસ્ટને જણાવવાનું કે, આપના મંડળ/ ટ્રસ્ટ સંચાલિત કોલેજમાં કાયમી આચાર્યની ખાલી પડેલ જગ્યા જયાં સુધી ન ભરાય ત્યાં સુધી કાર્યકારી આચાર્યની યુનિવર્સિટી માન્યતા/બહાલી ઓર્ડિનન્સ ૩૭(ડી) મુજબ મેળવવાની રહે છે. સદર બાબતે સિન્ડિકેટ તા.૨૪/૦૬/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૦૬ થી ઓર્ડિનન્સ ૩૭(ડી)માં જણાવ્યા મુજબ સંલગ્ન કોલેજોમાં જો કોઈપણ અધ્યાપક આચાર્ય થવા માટેની લાયકાત ધરાવતા ન હોય તો એવા કિસ્સામાં આચાર્ય થવા માટેની બે મુખ્ય લાયકાત (૧) ૧૫ વર્ષનો અધ્યાપક તરીકેનો અનુભવ તથા (૨) પીએચ.ડી. ડિગ્રી ધરાવતા ઉમેદવારો પૈકીના પ્રથમ ત્રણ શ્રેયાન ઉમેદવારોમાંથી કાર્યકારી આચાર્યની નિમણૂંક સંચાલક મંડળ આપી શકાશે. કોલેજમાં ઉપરોકત બે શરતો પરિપૂર્ણ કરતા એકપણ ઉમેદવાર ન હોય તો સંચાલક મંડળ પ્રથમ ત્રણ શ્રેયાન અધ્યાપકોમાંથી અધ્યાપકો પૈકીના એક ઉમેદવારને કાર્યકારી આચાર્યનો કાર્યભાર સોંપવો તથા જે કોઈ કોલેજોએ કરેલી કાર્યકારી આચાર્યની નિમણૂંકમાં આ ઠરાવની જોગવાઈઓનો ભંગ થતો હોય તે કોલેજોએ તાત્કાલિક તેવી નિમણૂંક રદ થયેલ ગણવાની રહેશે અને આ ઠરાવની જોગવાઈ અનુસાર નિમણૂંક કરવાની રહેશે તેમ ઠરાવવામાં આવેલ છે. આથી, સિન્ડિકેટના સદર ઠરાવનો ચુસ્તપણે અમલ કરવાનું યુનિવર્સિટી સંલગ્ન તમામ અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના સંચાલક મંડળ/ ટ્રસ્ટને જણાવવામાં આવે છે.

ઈ.ચા.કુલસચિવ

ક્રમાંકઃ એસ(૧)/ પરિપત્ર/ ૯૨૪૫/ ૨૦૨૧

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
તા.૦૧-૦૭-૨૦૨૧

**પ્રતિ,**
યુનિવર્સિટી સંલગ્ન તમામ અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજના સંચાલક મંડળ/ ટ્રસ્ટ તરફ....
...જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારૂ.